આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી
માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા,
શિસ્ત બાબતના નિયમો

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૯/૧૬૫૨/બ(પાર્ટ-૨)
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭/૧૧/૨૦૨૧

વંચાણે લીધા:-

(1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૫/૧૧/૨૦૧૯નો સમાન ક્રમાંકનો ઠરાવ.
(2) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૭/૧૧/૨૦૧૯નો સમાન ક્રમાંકનો ઠરાવ.
(3) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૨/૧૦/૨૦૨૦નો સમાન ક્રમાંકનો ઠરાવ.

પ્રસ્તાવના:-

આમુખ (૧) પરના ઠરાવથી આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમો બહાર પાડેલ હતા. આમુખ (૨) પરના ઠરાવથી આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટે રહેઠાણ અંગેના મામલતદારશ્રી દ્વારા આપવાના થતા પ્રમાણપત્ર બાબતે પરિશિષ્ટ-૮ બહાર પાડેલ હતું. આમુખ (૩) પરના ઠરાવથી આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમોમાં સુધારો બહાર પાડેલ હતો.

ભારત સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર Pre-P.T.C./P.T.C./B.Ed પાસ ઉમેદવારો આંગણવાડી કાર્યકર તરીકે પસંદગી પામે તો આઈસીડીએસ યોજનાનો પૂર્વ પ્રાથમિક શિક્ષણનો હેતું સારી રીતે પાર પાડી શકાય. આ બાબત ધ્યાને લઈને ઉક્ત શૈક્ષણિક કોર્સને મેરીટમાં સમાવવાની બાબત પણ વિચારણા હેઠળ હતી.

વિભાગના તા.૨૫/૧૧/૨૦૧૯ના ઠરાવ અનુસાર સમગ્ર રાજ્યમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની ઓનલાઈન ભરતીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ ભરતી પ્રક્રિયા દરમિયાન ધ્યાને આવેલ ક્ષતિઓ અને મળેલ રજૂઆતો અનુસાર ઠરાવમાં સુધારો કરીને સુધારા ઠરાવ બહાર પાડવાની બાબત પણ વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે આમુખ (૧) પરના વિભાગના તા.૨૫/૧૧/૨૦૧૯ના ઠરાવથી બહાર પાડેલ "આંગણવાડી કાર્યકર/ તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમો"માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે:

(1) ઠરાવની જોગવાઈ ક્રમાંક ૩.૩માં 'માનદસેવા માટે વર્તમાનપત્રમાં જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ પહેલાના છ માસના સમયગાળાની અંદર આવું નિયત નમુનાનું પ્રમાણપત્ર ઈસ્યુ કરેલ હોવું જોઈએ'ને બદલે સુધારીને 'માનદસેવા માટે વર્તમાનપત્રમાં જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખે આવું નિયત નમુનાનું પ્રમાણપત્ર છ માસ પહેલાનું ન હોવું જોઈએ' એમ વાંચવું.

(2) ઠરાવની જોગવાઈ ક્રમાંક ૪.૩માં 'ફરજમોકુફ'ને બદલે સુધારીને 'ફરજમોકુફ અથવા બરતરફ' એમ વાંચવું.

(3) ઠરાવની જોગવાઈ ક્રમાંક ૭.૩માં 'ત્રણ મહિને'ને બદલે સુધારીને '૬ (છ) મહિને' એમ વાંચવું.

(4) ઠરાવની જોગવાઈ ક્રમાંક ૭.૭માં 'આંગણવાડી કાર્યકરની માનદસેવામાં પસંદગી માટે ગુણપદ્ધતિ'ના કોષ્ટકના ક્રમ-૨માં 'કોઈપણ ડીપ્લોમાં કોર્ષ પાસ'ને બદલે સુધારીને 'કોઇપણ ડીપ્લોમા/PTC/Pre-PTC/B.Ed. કોર્ષ પાસ' એમ વાંચવું.

(5) ઠરાવમાં જોગવાઈ ક્રમાંક ૭.૭ (અ)ની નીચે મુજબની નવી જોગવાઈનો ઉમેરો કરવામાં આવે છે:

૭.૭ (અ) આંગણવાડી કાર્યકરની ઓનલાઈન ભરતીમાં ઠરાવની જોગવાઈ ક્રમાંક (૫) અનુસાર શૈક્ષણિક લાયકાતમાં છુટછાટ મળી હોય એવા કિસ્સામાં આંગણવાડી કાર્યકરની માનદસેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરિટ યાદી બનાવવામાં આવશે, જે માટે નીચે મુજબની ગુણ પદ્ધતિ ધ્યાને લેવામાં આવશે:

| આંગણવાડી કાર્યકરની માનદ સેવામાં પસંદગી માટે ગુણપદ્ધતિ | | |
|---|---|---|
| ક્રમ | માપદંડ | મહત્તમ ગુણ |
| ૧ | ધોરણ-૧૦ પાસની ટકાવારી | ૨૦ |
| ૨ | ધોરણ-૧૨ પાસ અથવા ધોરણ-૧૦ પાસ પછીના AICTE માન્યતા પ્રાપ્ત કોઇપણ ઓછામાં ઓછા ૨ વર્ષના ડીપ્લોમા કોર્ષ પાસની ટકાવારી | ૩૦ |

| | | |
|---|---|---|
| ૩ | ૧૨ માં ધોરણ પાસ પછીનો ઓછામાં ઓછા બે વર્ષનો કોઇપણ ડીપ્લોમા/PTC/Pre-PTC/B.Ed. કોર્ષ પાસ અથવા સ્નાતક કોર્ષ પાસની ટકાવારી | ૩૦ |
| ૪ | અનામત સંવર્ગ (એસ.સી/એસ.ટી/એસ.ઈ.બી.સી./આર્થિક પછાત વર્ગ) | ૧૦ |
| ૫ | વિધવા (લાગુ પડતું હશે તો) | ૧૦ |
| નોંધ : ક્રમ ૧, ૨ અને ૩ ની ટકાવારીના પ્રમાણમાં (પ્રોરેટાબેસીસ) ગુણ આપવામાં આવશે. | | |

(6) ઠરાવની જોગવાઈ ક્રમાંક ૭.૮માં 'આંગણવાડી તેડાગરની માનદસેવામાં પસંદગી માટે ગુણપદ્ધતિ'ના કોષ્ટકના ક્રમ-૩માં 'સ્નાતક પાસની ટકાવારી'ને બદલે સુધારીને '૧૨ માં ધોરણ પાસ પછીનો ઓછામાં ઓછા બે વર્ષનો કોઇપણ ડીપ્લોમા/PTC/Pre-PTC/B.Ed. કોર્ષ પાસ અથવા સ્નાતક કોર્ષ પાસની ટકાવારી' એમ વાંચવું.

(7) ઠરાવની જોગવાઈ ક્રમાંક ૭.૮ (અ)ની નીચે મુજબની નવી જોગવાઈનો ઉમેરો કરવામાં આવે છે:

૭.૮ (અ) આંગણવાડી તેડાગરની ઓનલાઈન ભરતીમાં ઠરાવની જોગવાઈ ક્રમાંક (૫) અનુસાર શૈક્ષણિક લાયકાતમાં છુટછાટ મળી હોય એવા કિસ્સામાં આંગણવાડી તેડાગરની માનદસેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરિટ યાદી બનાવવામાં આવશે, જે માટે નીચે મુજબની ગુણ પદ્ધતિ ધ્યાને લેવામાં આવશે:

| આંગણવાડી તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે ગુણ પદ્ધતિ | | |
|---|---|---|
| ક્રમ | માપદંડ | મહત્તમ ગુણ |
| ૧ | ધોરણ-૮ પાસની ટકાવારી | ૨૦ |
| ૨ | ધોરણ-૧૦ પાસની ટકાવારી | ૩૦ |
| ૩ | ધોરણ-૧૨ પાસ અથવા ધોરણ-૧૦ પાસ પછીનો AICTE માન્યતા પ્રાપ્ત કોઇ પણ ઓછામાં ઓછા બે વર્ષના ડીપ્લોમા કોર્ષ પાસની ટકાવારી | ૩૦ |
| ૪ | અનામત સંવર્ગ (એસ.સી/એસ.ટી/એસ.ઈ.બી.સી./આર્થિક પછાત વર્ગ) | ૧૦ |
| ૫ | વિધવા (લાગુ પડતું હશે તો) | ૧૦ |
| નોંધ : ક્રમ ૧, ૨ અને ૩ ની ટકાવારીના પ્રમાણમાં (પ્રોરેટાબેસીસ) ગુણ આપવામાં આવશે. | | |

(8) ઠરાવની જોગવાઈ ક્રમાંક ૭.૧૧માં 'પસંદગીનો બીજો ક્રમ'ને બદલે સુધારીને 'પસંદગીનો બીજો અને ત્રીજો ક્રમ' એમ વાંચવું.

(9) ઠરાવની જોગવાઈ ક્રમાંક ૭.૧૩માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે:

'પસંદગી પામેલ ઉમેદવાર સમય મર્યાદામાં અસલ પ્રમાણપત્રો ચકાસણી માટે રજુ ન કરે અથવા પ્રમાણપત્રો ચકાસણી દરમ્યાન તેઓ કોઇ કારણસર ગેરલાયક ઠરે અથવા માનદ સેવા સ્વીકારવાની તેઓ લેખિતમાં ના પાડે અથવા ૧ (એક) મહિનાની સમય મર્યાદામાં કોઈ પણ કારણ સિવાય માનદ સેવામાં તેઓ ના જોડાય અથવા સેવા સ્વીકાર કર્યા પછીના ત્રણ માસમાં સ્વૈચ્છિક રાજીનામું આપે તો તે કિસ્સામાં તે આંગણવાડી માટેની પ્રતિક્ષા યાદીના ઉમેદવારને મેરીટ અનુસાર યોગ્ય ઉમેદવાર ગણવામાં આવશે અને સંબંધિત ઘટકના સીડીપીઓશ્રી તે ઉમેદવારને અસલ પ્રમાણપત્રો ૧૦ (દસ) દિવસમાં ચકાસણી માટે રજુ કરવા અંગેની લેખિત સુચના મોકલશે.'

(10) ઠરાવની જોગવાઈ ક્રમાંક ૭.૧૪માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે:

'પસંદગી પામેલ ઉમેદવારે માનદ સેવામાં હાજર થયા તારીખથી ૨ (બે) મહિનાની સમય મર્યાદામાં સંબંધિત શહેરી/ગ્રામ્ય વિસ્તારના મેડીકલ અધિકારીશ્રી (PHC/UHC/CHC/સિવિલ હોસ્પિટલ/ જિલ્લા હોસ્પિટલ) પાસે શારીરિક યોગ્યતાની સામાન્ય તપાસણી કરાવી તે બાબતનું મેડિકલ ફિટનેસ પ્રમાણપત્ર ઘટક કચેરીમાં રજુ કરવાનું રહેશે.'

(11) ઠરાવની સાથેનું પરિશિષ્ટ-૨ સુધારીને આ સાથે સામેલ રાખેલ છે.

(12) ઠરાવના પરિશિષ્ટ-૭ની જોગવાઈ ક્રમાંક ૧૨માં 'શાળા છોડ્યા અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ'ને બદલે સુધારીને 'શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર/જન્મ તારીખનો દાખલો/SSCના ક્રેડીટ સર્ટીફિકેટની પ્રમાણિત નકલ' એમ વાંચવું.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૧/૧૧/૨૦૨૧ તેમજ સરકારશ્રીની તા.૧૦/૧૧/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.જી.રાજ)<br>
નાયબ સચિવ<br>
મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ સવિનય રવાના:

(1) માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(2) માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(3) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(4) અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(5) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(6) નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(7) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ..........................

(8) તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ..............................

(9) વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.

(10) તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, આઈસીડીએસ, જિલ્લા પંચાયત કચેરી, જિ............................

(11) તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, આઈસીડીએસ, મ્યુનિસિપલ કોર્પોરેશન, ..............................

(12) નાણાં સલાકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(13) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(14) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(15) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ શાખાઓ.

(16) સિલેક્ટ ફાઇલ.

(આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમો)

## પરિશિષ્ટ-૨ (નિયમ-૩.૧૧)

**અરજદારે રજુ કરવામાં આવેલ માહિતી અને પ્રમાણપત્રો સાચા છે તે બાબતે રૂ. ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર મામલતદારશ્રી/નાયબ કલેક્ટરશ્રી/અધિક કલેક્ટરશ્રી/કલેક્ટરશ્રી અથવા નોટરીના સહી-સિક્કાથી પ્રમાણિત કરી રજું કરવાના સોગંદનામાનો નમુનો**

.................................................................................................................................................

| અરજદારનો હાલનો ફોટોગ્રાફ |
|---|

**રૂ. ૧૦૦ નો સ્ટેમ્પ પેપર**

હું નીચે સહી કરનાર નામ (ધોરણ-૧૦ના પ્રમાણપત્ર મુજબ) ..............................................., લગ્ન બાદનું અથવા હાલનું નામ ..........................................................જન્મ તારીખ .............., રહેવાસી ............. ગામ, ............ તાલુકો, ........... જિલ્લો, રાજ્ય ગુજરાત, આંગણવાડી કાર્યકર/તેડાગરની ભરતી અંગેની જિલ્લાની જાહેરાત ક્રમાંક........... અન્વયે મારા ધર્મના સોગંદપૂર્વક જાહેર કરૂં છું કે,

1. આંગણવાડી કાર્યકર/તેડાગર માટેની પસંદગી પ્રક્રિયા માટે ઓનલાઈન અરજીમાં ભરેલ તમામ માહિતી સાચી છે.
2. આંગણવાડી કાર્યકર/તેડાગર માટેની પસંદગી પ્રક્રિયામાં ઓનલાઈન રજુ કરેલ તમામ પ્રમાણપત્રો અને પુરાવાઓ સાચા છે.
3. હું ગુનાહિત ઈતિહાસ ધરાવતી નથી, પોલીસ ફરિયાદ થયેલ નથી તેમજ અદાલત દ્વારા સજા જાહેર થયેલ નથી.
4. મને અદાલત દ્વારા નાદાર જાહેર કરવામાં આવેલ નથી.
5. દંડનીય કાર્યવાહીના ભાગરૂપે મને અગાઉની કોઈપણ સરકારી/અર્ધ સરકારી/માનદ સેવામાંથી ફરજમોકુફ કે બરતરફ કરવામાં આવેલ નથી.
6. મેં અરજી કરેલ આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી કાર્યકર/તેડાગર એક જ કુટુંબના સભ્ય (સાસુ-વહુ, દેરાણી-જેઠાણી. બે બહેનો. નણંદ-ભાભી) હોય એવી સ્થિતિ બનતી નથી.
7. હું કોઈપણ સ્થાનિક સ્વરાજ સંસ્થા/વિધાનસભા/લોકસભા અથવા કોઈપણ સહકારી સંસ્થા/રજિસ્ટર્ડ સોસાયટી/રજિસ્ટર્ડ ટ્રસ્ટમાં માનદ સેવાનું અથવા ચૂંટાયેલ પદ કે હોદ્દો

ધરાવતી નથી/ધરાવું છું, પરંતુ, આંગણવાડી કાર્યકર/તેડાગર તરીકે પસંદ થયેથી આવું પદ છોડવા સંમત છું.

8. આ માહિતીમાં વિસંગતતા/ખોટી માહિતી/ખોટા પ્રમાણપત્રો/ખોટા પુરાવાઓ રજુ કર્યા છે એવું જણાશે તો મારી ઉમેદવારી રદ કરવામાં આવશે તે બાબતની મને જાણ છે.
9. ઈરાદાપૂર્વક ખોટા પ્રમાણપત્રો/પુરાવાઓ રજુ કરવા બદલ ફોજદારી રાહે કાર્યવાહીની જોગવાઈ છે તે બાબતની પણ મને બરાબર જાણ છે.

સ્થળ ............... સોગંદનામું કરનારની સહી ..............

તારીખ ...........

પ્રમાણિત કરનારની સહી ....

કચેરી સિક્કો/સીલ ..........................